# બાળકો માટે મેટલાઇફ સાઉથ એશિયન સ્પેલિંગ બી-૨૦૦૯ સ્પર્ધાની જાહેરાત

દક્ષિણ એશિયાની એક જાણીતી જાહેરખબર કંપની ટચડાઉન મિડિયા ઇન્ક. દ્વારા છઠ્ઠી મે, ૨૦૦૯એ મેટલાઇફ એશિયન-બી સ્પર્ધાની જાહેરાત કરાઈ હતી. અમેરિકાની પ્રથમ ક્રમની જીવન વીમા કંપની સન ૨૦૦૯ની આ સ્પર્ધાને સ્પોન્સર કરશે. એશિયન મૂળનાં ૧૪ વર્ષની વય સુધીનાં બાળકો માટે આ સ્પર્ધા ખુલ્લી છે. આ સ્પર્ધા દક્ષિણ એશિયન મૂળનાં બાળકોને તેમની સ્પેલિંગની જાણકારીની જે તે જૂથમાં કસોટીની તક આપશે.

આ અંગે રસ ધરાવતાં બાળકો અથવા તેમના વાલીઓએ www.southasianspellingbee.com પર પોતાનાં નામ નોંધાવી લેવાં. આ સ્પર્ધા ૨૦મી જૂનથી અમેરિકામાં આઠ અલગ અલગ સ્થળે યોજાશે. રિજિયોનલ સેન્ટર તરીકે ઓળખાતાં આ સ્થળો છે ન્યુ યોર્ક, ન્યુ જર્સી, શિકાગો, ડલાસ, સાન ફ્રાન્સિસ્કો, બે એરિયા, લોસ એન્જલસ અને વોશિંગ્ટન ડીસી મેટ્રો એરિયા. આ સ્પર્ધાઓમાં વિનામૂલ્યે તમામને પ્રવેશ અપાશે. 'આ એક પારિવારિક કાર્યક્રમ છે, જેમાં સમગ્ર પરિવાર આનંદ માણવા અને જ્ઞાન મેળવવા માટે ભાગ લે છે અને સ્પર્ધામાં ભાગ લેનારાં બાળકોને ટીવી પર ચમકવાની પણ તક મળે છે' એમ સાઉથ એશિયન સ્પેલિંગ બીના સ્થાપક અને ટચડાઉન મિડિયાના સીઈઓ રાહુલ વાલિયાએ કહ્યું હતું.

દરેક સ્પર્ધામાં ૨૫ લેખિત શબ્દોની કસોટી થશે. બીજા રાઉન્ડ એટલે કે બપોર પછીના મૌખિક રાઉન્ડમાં પ્રવેશવા માટે સ્પર્ધકે ૧૫ કે તેથી વધુ શબ્દોની સાચી સ્પેલિંગ દર્શાવવી પડશે. આ રાઉન્ડનું સંચાલન ઉચ્ચારોના અનુભવી અને અન્ય જજ દ્વારા કરવામાં આવશે. મૌખિક રાઉન્ડના ટોચના ત્રણ વિજેતાને ઇનામી રકમ આપવામાં આવશે. દરેક રિજિયોનલ રાઉન્ડના ટોચના બે સ્પેલર્સને ઓગસ્ટમાં ન્યુ જર્સીમાં આયોજિત ફાઇનલમાં પ્રવેશ આપવામાં આવશે. ફાઇનલમાં વિજેતા થનારાને મેટલાઇફ તરફથી ૫૦૦૦ ડોલરની સ્કોલરશિપ એનાયત કરવામાં આવશે.

મેટલાઇફના નેશનલ સેલ્સ ઓર્ગેનાઇઝેશનના વાઇસ પ્રેસિડન્ટ જોસેફ ડબ્લ્યુ. જોર્ડને કહ્યું હતું, 'દક્ષિણ એશિયન લોકોની સેવા કરવાના મેટલાઇફના લાંબા ઇતિહાસે મોટા ભાગના પરિવારો માટે શું અગત્યનું છે એ સમજવામાં મદદ કરી હતી. અમે શિક્ષણના મહત્ત્વને સમજીએ છીએ અને શિક્ષણમાં વધતા જતા ખર્ચાઓની યોજનાઓથી પણ વાકેફ છીએ. આ વર્ષની સાઉથ એશિયન સ્પેલિંગ બી સ્પર્ધાને સ્પોન્સર કરતાં અને બાળકોના શ્રેષ્ઠ શિક્ષણનાં સપનાં જોતા પરિવારોને તેમનાં સપનાં સાકાર કરવામાં મદદ કરવા અમને ખૂબ જ ગૌરવ થાય છે'.

ધ ૨૦૦૯ મેટલાઇફ સાઉથ એશિયન સ્પેલિંગ બી સ્પર્ધાનું સોની એન્ટરટેઇન્મેન્ટ, એશિયા પર પ્રસારણ કરવામાં આવશે. સોની એન્ટરટેઇન્મેન્ટ ટેલિવિઝન, એશિયા પાસે ભારત અને પાકિસ્તાન સિવાય સમગ્ર વિશ્વમાં પ્રસારણના અધિકારો છે.




**(ડાબેથી) જોસેફ જોર્ડન, મેટલાઈફ નેશનલ સેલ્સના સીનિયર વાઈસ પ્રેસિડન્ટ, રાહુલ વાલીઆ, ટચડાઉન મીડિયાના સીઈઓ અને સાઉથ એશિયન સ્પેલિંગ બીના સ્થાપક, જીન્જર જોન્સ, મેટલાઈફના વિજ્ઞાપન સલાહકાર જ્હોન ડેરબીન મેટલાઈફ વિજ્ઞાપનના આસીસ્ટન્ટ વાઈસ પ્રેસિડન્ટ, નીરજ અરોરા સોની એન્ટરટેઇનમેન્ટ ટેલિવિઝન એશિયાના સીનિયર વાઈસ પ્રેસિડન્ટ, મેટલાઈફના બ્રેન્ડ આઈકન સ્નૂપી સાથે.**

*(ફોટો અને માહિતીસૌજન્યઃ સંસ્થાની અખબારી યાદીમાંથી)*

સોની એન્ટરટેઇન્મેન્ટ ટેલિવિઝન એશિયાના એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડન્ટ રાજન સિંહે કહ્યું હતું કે નવા નવા કાર્યક્રમો કરવામાં અમે ખૂબ ગૌરવ અનુભવીએ છીએ અને વિવિધ કાર્યક્રમોમાં અમારી ભાગીદારી અપવાદ નથી. તમામ વય જૂથના યુવાનો માટે પોતાની કુશળતા, પ્રતિબદ્ધતા, ચતુરાઈ અને આત્મવિશ્વાસ દેખાડવા માટે સ્પેલિંગ બી એક વ્યવસ્થિત પ્લેટફોર્મ છે. સેટ એશિયા માત્ર મનોરંજન જ નથી પીરસતું, પરંતુ ઇન્ડિયન આઇડલ, બૂગી વૂગી અને હવે સ્પેલિંગ બી જેવા કાર્યક્રમોનું આયોજન કરીને અમારા આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકોને પણ સામેલ કરે છે. આ સ્પર્ધામાં ભાગ લેવા અને સંપૂર્ણ માહિતી માટે www.southasianspellingbee.com પર લોગ ઓન કરો.

**મેટલાઈફ વિશેઃ** મેટલાઇફ ઇન્ક. સમગ્ર અમેરિકા, લેટિન અમેરિકા, યુરોપ અને એશિયા પેસિફિકમાં વીમો, કર્મચારી લાભો અને નાણાકીય સેવાઓ આપતી એક અગ્રણી કંપની છે. એની શાખાઓ અને પેટાકંપનીઓ મારફતે મેટલાઇફ ઇન્ક. સમગ્ર વિશ્વમાં ૭૦ મિલિયન કરતાં પણ વધુ લોકો સુધી પહોંચતી જીવન વીમા ક્ષેત્રની અમેરિકાની સૌથી મોટી કંપની છે. મેટલાઇફ કંપની વ્યક્તિઓ અને કોર્પોરેટ તેમ જ અન્ય કંપનીઓને જૂથ વીમો, નિવૃત્તિ લાભ અને બચત ઉત્પાદન, વીમા તેમ જ સેવા પૂરી પાડે છે. આ અંગે વધુ વિગતો માટે www.metlife.com પર ક્લિક કરો.

**સોની એન્ટરટેઇનમેન્ટ ટીવી એશિયા વિશેઃ** ૧૯૯૫માં ભારતમાં શરૂઆત સાથે જ સોની એન્ટરટેઇન્મેન્ટ ટેલિવિઝન (સેટ)ને ભવ્ય સફળતા મળી હતી, જેના પરિણામે યુરોપ, ઉત્તર અમેરિકા અને આફ્રિકામાં એની સ્થાપના સેટ તરીકે થઈ હતી. સેટ અને સેટ એશિયા હવે ૧૫૦ કરતાં પણ વધુ દેશોમાં ઉપલબ્ધ છે. સોપ ઓપેરા, નાટકો, સિટકોમ, કોર્નસ્ટ્સ અને ગેમ શો સહિત અનેક મનોરંજન કાર્યક્રમો સોની પીરસે છે. આ અંગે વધુ વિગતો www.setasia.tv પરથી મેળવી શકાય છે.

**ટચડાઉન મિડિયા ઇન્ક વિશેઃ**

ટચડાઉન મિડિયા ઇન્ક. એ ન્યુ જર્સીસ્થિત દક્ષિણ એશિયનોના વિજ્ઞાપન માટેની એક ખાસ કંપની છે. અત્યારે એના છઠ્ઠા વર્ષમાં સફળતાપૂર્વક કામ કરી રહેલી આ કંપની ટચડાઉને મુખ્ય પ્રવાહના અને અન્ય અસીલોને દક્ષિણ એશિયન બજારો સુધી પહોંચવામાં મદદ કરી હતી.

ટચડાઉન મિડિયા પાસે શ્રેષ્ઠ બજારોના ૨૫ વર્ષનો સામૂહિક અનુભવ છે. એક સંપૂર્ણ સેવા આપતી કંપની તરીકે ટચમિડિયાએ અનેક કંપનીઓને અમેરિકામાં દક્ષિણ એશિયણ ડાયસ્પોરામાં તેમના માધ્યમ અને વેચાણના લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં મદદ કરી છે.

# સ્ટાર ટીવી પર ન્યુ જર્સીના રિયાલિટી શો 'નયા અંદાજ'ને માણતા એનઆરઆઇ

કેબલ, ડાયરેક્ટ ટીવી અને ડિશ નેટવર્ક ઉપર સામેલ કરવામાં આવેલી એકમાત્ર દક્ષિણ એશિયા ચેનલ સ્ટાર પ્લસ એના વૈવિધ્યસભર કાર્યક્રમો અને વ્યાપક લોકપ્રિયતા માટે જાણીતી ચેનલ છે. સ્ટાર ટીવી દક્ષિણ એશિયાની એકમાત્ર ટીવી ચેનલ છે, જે દક્ષિણ પૂર્વ એશિયાના ૭૦ લાખ લોકોને તેમના મનપસંદ કાર્યક્રમો જોવાની તક આપે છે, જેમાં રસપ્રદ ડ્રામા, સંગીતના કાર્યક્રમો અને રિયાલિટી શોનો સમાવેશ થાય છે.

અમેરિકામાં સ્ટાર ટીવીએ સૌથી મોટા સ્થાનિક સાહસ 'નયા અંદાજ -૨૦૦૯'ની સાથે હાથ મિલાવ્યા છે કે જે અમેરિકાનાં પૂર્વ એશિયાનાં શહેરોમાં માધ્યમો, રાજદ્વારીઓ, દેશી વસતિ અને સમાજના ભદ્ર વર્ગના કહેવાતા ટ્રાય-સ્ટેટ વિસ્તારના લોકોમાં ખૂબ જ લોકપ્રિય છે. 'નયા અંદાજ' એ ન્યુ જર્સીનો રિયાલિટી શો છે કે જેમાં સમગ્ર પૂર્વ વિસ્તારની શહેરોની શાળાનાં બાળકોને તેમના નિર્માણનાં મૂલ્ય, માધ્યમોનું કવરેજ અને પેકિંગ માટે શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડે છે. પ્રેક્ષકોને જકડી રાખનાર આ શોને લોકો તેમાં રજૂ કરવામાં આવતા નૃત્યના અદ્ભુત નિર્માણ અને નૃત્યનાં નવીનસભર સ્ટેપ્સને કારણે યાદ રાખે છે. સ્ટાર ટીવી નેટવર્ક ઉપર ૧૭મી મે, ૨૦૦૯ના રોજ આ કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવ્યું હતું.

'નયા અંદાજ - ૨૦૦૯' કાર્યક્રમ જે હોલમાં યોજવામાં આવ્યો હતો ત્યાં લાલ જાજમ અને પડદા એ રંગમંચની શોભા વધારતા હતા. રંગમંચની અપવાદરૂપ શોભાએ અનેક લોકોને સ્તબ્ધ કરી દીધા હતા. અને એ દિવસ ખરેખર યાદ રાખવા જેવો દિવસ હતો. રસ્તા ઉપરના લોકો પણ રાહ જોતા હતા કે આ કાર્યક્રમ ક્યારે શરૂ થાય. એમ લાગતું હતું કે જાણે કોઈ પ્રખ્યાત બોલીવૂડ ફિલ્મનો પ્રીમિયર હશે અને ભારતીય ડાયસ્પોરાના લોકો કે જેઓ લિવિંગસ્ટોન એવેન્યુ ન્યુ જર્સીમાં રહેતા હતા તેઓ પોતાનાં વાહનોને પાર્ક કરવા માટે જગ્યા શોધતા હતા તેમ જ શ્રેષ્ઠ ભારતીય પોશાકોમાં સજ્જ મહેમાનો હોલના દરવાજા તરફ ધસી રહ્યા હતા. ૨૧મી માર્ચ, ૨૦૦૯ના રોજ રાત્રે 'નયા અંદાજ' ડાન્સ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. મખમલી પડદાની પાછળ 'નયા અંદાજ'ની ટીમના સભ્યો છેક છેલ્લી મિનિટ સુધી તૈયારીઓમાં મશગૂલ હતા અને કોઈ ક્ષતિ તો રહી નથી ગઈ ને તેની તકેદારી રાખતા હતા. પિરાન એરેચશો, રાહુલ ધોળકિયા, રાજુ શેઠી, આલ્બર્ટ જસાણી અને સંદીપ પટેલના નેતૃત્વ હેઠળની આખી ટીમ વ્યસ્ત દેખાતી હતી. છેલ્લાં ૧૭ વર્ષોથી આ ટીમ શ્રેષ્ઠ પ્રદર્શન અને સ્પર્ધા માટે પ્રયાસો કરી રહી છે. આ શોના દર્શકોની સંખ્યા વધતી જ જાય છે. સંચાલક ટુકડીના સભ્યો એ વાતની ખાતરી રાખે છે કે કાર્યક્રમના એક એક ભાગની વ્યવસ્થા વ્યવસાયી વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે છે અને કોઈ પણ જાતના અવરોધો વગર પ્રેક્ષકો સુધી પહોંચાડવામાં આવે છે. કાર્યક્રમનાં નિર્ણાયકો હતાં મલઇકા અરોરા ખાન અને અરબાઝ ખાન. મલઇકાએ અગાઉ 'નચ બલિયે ભાગ-૧ અને ૨'માં જજની ભૂમિકા ભજવી હતી અને તેમના નિર્ણયો ખૂબ જ તટસ્થ હતા.

'નયા અંદાજ'માં ભાગ લેનારી ટીમો અને કળાકારોએ જે રીતે પરફોર્મન્સ કર્યું હતું તે જોઈને મલઇકા અરોરા અને અરબાઝ ખાન ચકિત થઈ ગયાં હતાં. એક ટીમનો ડાન્સ પરફોર્મન્સ તો જાણે લાસ વેગાસ ડાન્સનો એક ભાગ હોય એવો દેખાતો હતો. 'નયા અંદાજ'ના નિર્ણયો કળાકારોના નૃત્ય, તેની ભવ્યતા, વેશભૂષા, સંકલન અને ગીતની સમજણના આધારે કરવામાં આવે છે. સિનિયર કેટેગરીમાં નવીનતાસભર, ઊર્જા અને મૌલિક વિચારના કારણે સતરંગી સ્કૂલ ઓફ ફ્યૂઝનને પ્રથમ સ્થાન મળ્યું હતું.

તેમણે ફિલ્મ 'લગાન'ના ગીત 'મિતવા' પર આધારિત એક નૃત્ય રજૂ કર્યું હતું. તેમની ટીમમાં ૫૫ નર્તકો હતા અને ખૂબ જ કુશળતાપૂર્વક તેમણે સ્ટેજનો પણ ઉપયોગ કર્યો હતો. સિનિયરની કેટેગરીમાં નૃત્ય ક્રિયેશન્સને બીજું સ્થાન મળ્યું હતું. તેમણે ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'ના એક ગીત 'દાસ્તાને ઓમ શાંતિ ઓમ' ઉપર નૃત્ય કર્યું હતું, જે નૃત્યમાં ભારતીય અને કાઉકાશિયન નર્તકોએ બેલે, ઝાઝ અને શાસ્ત્રીય નૃત્યની ઝલક રજૂ કરી હતી. સિનિયરની કેટેગરીમાં ત્રીજું સ્થાન સુધામિની ડાન્સ એકેડમીને મળ્યું હતું. તેમણે ફિલ્મ 'યુવરાજ'ના એક ગીત 'તું મુસ્કુરા'ને આધાર બનાવીને પોતાની નૃત્યરચનાને રજૂ કરી હતી, તો જુનિયર કેટેગરીમાં આર્યા ઇન્ટરનેશનલને પ્રથમ, સતરંગી સ્કૂલ ઓફ ફ્યુઝનને બીજું અને ઘૂંઘરું ક્રિયેશન્સને ત્રીજું સ્થાન મળ્યું હતું.

*(અખબારી યાદીમાંથી)*

# વેસ્ટ વિન્ડસરમાં વર્તમાન મેયર શીંગ કુ અને સાથી સભ્યો ચૂંટાઇ આવ્યા!

**વેસ્ટ વિન્ડસર, ન્યુ જર્સીઃ** સેન્ટ્રલ જર્સીના ત્રણ ટાઉન્સના મતદારોએ મંગળવારે યોજાયેલી ચૂંટણીમાં ટાઉન કાઉન્સીલના નવ ઉમેદવારોને ચૂંટી કાઢ્યા હતા, જેમાં મોટા ભાગે વર્તમાન ચાલુ સભ્યોને ફરી ચૂંટી કાઢવાનો સમાવેશ થાય છે.



**શીંગ કુ**

વેસ્ટ વિન્ડસર ટાઉનમાં વર્તમાન મેયર શીંગ-ફુ-સુએહ મોટી સરસાઇથી મેયરપદે પુનઃચૂંટાઇ આવ્યા હતા. શીંગ ફુને ૩૫૭૨ મત મળ્યા હતા. કાઉન્સીલના પ્રેસિડન્ટ ચાર્લી મોર્ગનને ૧૩૦૬ અને ત્રીજા ઉમેદવાર પીટ વીલેને ૧૭૨ મત મળ્યા હતા. આમ મેયરપદની ચૂંટણીમાં ચાલુ મેયર શીંગ ફુ ફરી ચૂંટાઇ આવ્યા હતા. કાઉન્સીલની બાકીની બે બેઠકો પર મેયરના સાથીઓ અને વર્તમાન સભ્ય લીન્ડા જીવર્સ તથા કમલ ખન્ના અનુક્રમે ૩૫૮૩ અને ૩૦૭૧ મતોથી ચૂંટાઇ આવ્યા હતા જ્યારે તેમના પ્રતિસ્પર્ધીઓ નીતિન શાહને ૧૪૪૮ મતો અને અનુપમ ગુપ્તાને ૧૩૩૨ મત મળતા તેમનો ચૂંટણીમાં પરાભવ થયો હતો. સેન્ટ્રલ જર્સીના રોબિન્સવિલ ટાઉનમાં વર્તમાન મેયર ડેવ ફ્રાઇડે તેમના હરીફ કાઉન્સીલ મેમ્બર સોન્જા વૉલ્ટરને હરાવી મેયરપદે ફરી ચૂંટાઇ આવ્યા હતા. ડેવને ૧૨૬૭ મત જ્યારે સોન્જાને ૭૧૪ મત મળ્યા હતા. કાઉન્સીલની અન્ય બે બેઠકો વિન્સ કેલકેગ્નો અને શેરી મેકગોવાને અનુક્રમે ૧૨૧૫ અને ૧૧૬૨ મતોથી વિજય મેળવ્યો હતો જ્યારે તેમના હરીફો લેન્સ બ્રાઉન અને મિગ્વેલ એડવર્ડસ અનુક્રમે ૭૫૮ અને ૭૦૧ મત સાથે હારી ગયા હતા. બોર્ડરટાઉન સિટીમાં વર્તમાન સભ્ય જેમ્સ ઇ.લીન્ચ જુનિયર અને ચેલેન્જર્સ હીધર ચીઝમેન અને ઝિગ્મોન્ટ તારગોન્સ્કી સિટી કમિશનની બેઠકો પર ચૂંટાઇ આવ્યા હતા.શ્રી લીન્ચને ૬૧૨ મત તો શ્રી ચીઝમેનને ૫૧૩ મત અને તારગોન્સ્કીને ૪૭૬ મત મળ્યા હતા.અનય વર્તમાન સભ્ય જોહ્ન એચ.વર્કમેનને૪૭૧ મતઅને લેરી ડેનીને ૪૬૨ મત મળ્યા હતા.બાકીના ત્રણ હરીફો જેમ્સ બ્રિમરને ૧૩૩ મત, એલ સેપોને ૧૧૫ મત તથા સ્ટીવન ચેસ્ટનટને ૮૩ મત મળ્યા હતા. *(સંકલન)*